પત્રિકા
૧૧૫

# ચિરાગે હિદાયત

૧૪/૦૭/૧૭
૧૯ શવ્વાલ

## હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)નો એક મોઅજીઝો ચાંદના બે ટુકડા કર્યા.

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)થી જે મોઅજીઝા જાહેર થયા, તે દરેકની ગણતરી નામુમકીન છે અને તેનો ઈન્કાર પણ નામુમકીન છે. અંબિયા અને અવસીયા(અ.મુ.સ.)ના તે મોઅજેઝાત કે જેના વજુદ ઉપર અકલી અને નકલી દલીલો મોજૂદ છે કે જેને છુપાવવું હકનું છુપાવવું છે. મોઅજેઝા એક ખુદાની સનદ, નબુવ્વત અને ઈમામતની સ્પષ્ટ દલીલ છે. જેનાથી ઈન્સાનના ઈમાન અને અમલની બુનિયાદ કાયમ છે.

મોઅજેઝાતને છુપાવવું ખુદાની બારગાહમાં હક અને ઈન્સાનિય્યતની બારગાહમાં વધારે ઝુલ્મ અને ગુમરાહીની દલીલ છે. કારણ કે હઝરત ઈસા(અ.સ.)નું પોતાની માંની આગોશમાં કલામ કરવું અને જીવિત આસામાન ઉપર ચાલ્યા જવું અને હઝરત મુસા(અ.સ.)ના દરિયા ઉપર લાઠી મારીને દરિયા ઉપર રસ્તો બનાવવો, આ મોઅજેઝાનો ઈન્કાર કોઈપણ કરી શકતું નથી. તો પછી હઝરત મોહમ્મદ(સ.અ.વ.) અને આલે મોહમ્મદ(સ.અ.વ.)ના મોઅજેઝાતનો ઝિક્ર કરવો જુર્મ શા માટે બની ગયો? જ્યારે કે ઈતિહાસ ગવાહ છે કે કાફિરોએ નબીઓથી જીદ કરી કે આ કામ કરો, તો અમે ઈમાન લાવીએ. માટે નબીઓએ મોઅજીઝા દેખાડયા તે છતાં પણ તેઓ ઈમાન ન લાવ્યા.

જેવી રીતે જનાબે સાલેહ(અ.સ.)ની કૌમે આપનાથી જીદ કરી કે પહાડથી એવી ઊંટણી કાઢો કે જેની સિફત તે હોય કે તે દૂધ દેતી હોય. જનાબે સાલેહે આ મોઅજીઝા દેખાડયા, પરંતુ તેમની કૌમ ઈમાન ન લાવી અને ખુલ્લો ઝુલ્મ કર્યો અને ઊંટણીને કત્લ કરી નાખી.

આ મુજબ અંબિયા અને અવસિયા(અ.મુ.સ.) પોતાની નબુવ્વત ઉપર મોઅજેઝાત વડે દલીલો આપે છે પરંતુ કાફિરો તેમનો ઈન્કાર કરે છે. આ જ પ્રમાણે આપણા

નબી હઝરત મોહમ્મદ મુસ્તુફા(સ.અ.વ.)નો એક મોઅજેઝો 'શકકુલ કમર' એટલે કે ચાંદના બે ટુકડા થઇ જવા. આ મોઅજેઝો માહે શવ્વાલમાં થયો.

અલ્લામા દયાર બકરીએ તારીખે ખમીસમાં લખ્યું છે કે બેઅસતના નવમાં વર્ષે 'શકકુલ કમર'નો મોઅજેઝો થયો. ઇબ્ને અબ્બાસથી રિવાયત છે કે હજના ઝમાનામાં ચૌદમી રાતે અબુ જહેલ એક યહુદી અને થોડા મુશ્રિકોની સાથે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની પાસે આવ્યો અને કહેવા લાગ્યો ''તમે પોતાની નબુવ્વતનો જાહેરી મોઅજીઝો દેખાડો.'' આપ(સ.અ.વ.)એ પૂછયું ''તું શું ચાહે છે?'' તો તેણે યહુદીથી મશવેરો કરીને કહ્યું કે ''તે ચાંદના બે ટુકડા કરીને દેખાડો.'' આપ(સ.અ.વ.)એ દુઆ કરી અને આંગળીથી ઈશારો કર્યો, તો ચાંદના બે ટુકડા થઇ ગયા અને બંને ટુકડાની વચ્ચે જગ્યા થઇ ગઇ, થોડા સમય સુધી આ હાલત બનેલી રહી.

તો અબુ જહેલ કહેવા લાગ્યો કે ''અય મોહમ્મદ(સ.અ.વ.)! આ નજરબંદી છે મક્કાથી જે લોકો બહાર ગયા છે, તે લોકો પરત આવી જાય તો તેઓને પૂછીશ, અગર તે લોકો રાજી થઇ જશે તો માનીશ.'' જયારે બહારથી અમુક લોકો પરત આવ્યા અને તેઓએ પણ આ મોઅજેઝાના બારામાં કહ્યું તો અબુજહેલ કહેવા લાગ્યો કે ''હઝરત મોહમ્મદ(સ.અ.વ.)એ આખી દુનિયાની નજરબંદી કરી હતી.''

આ બનાવને ઈબ્ને મસઉદ, હોઝેફા ઈબ્ને ઉમર વગેરેએ પણ બયાન કર્યો છે અને અઈમ્મએ માઅસૂમીન(અ.મુ.સ.)એ પણ સ્પષ્ટતા કરી છે, સાહેબાએ કેરામે પણ આનો ઝિક્ર કર્યો છે અને દરેક ઓલમાઓ આ બનાવ પર એકમત છે કે આ બનાવ બન્યો છે.

અમુક ઓછી અક્કલવાળાઓનું કહેવું છે કે આ બનાવ કયામતની નિશાનીઓમાંથી છે અને જો આ બનાવ થયો હોત, તો બીજા દેશોના લોકો પણ તેને જોત. જો કે તેઓને ખબર નથી કે આ મોઅજેઝો હિન્દુસ્તાનમાં પણ દેખાયો હતો. તે સમયે હિન્દુસ્તાનમાં મદારીઓની હુકૂમત હતી, આ બનાવ 'તારીખે ફરિશ્તા' નામની કિતાબમાં લખેલો છે.

# હઝરત હમ્ઝા(અ.સ.)ની શહાદત

શવ્વાલ મહિનામાં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના કાકા હઝરત હમ્ઝા(અ.સ.)ની શહાદત છે. ૧૫ શવ્વાલ, સન ૩ હિજરીમાં મુશ્રિકો અને મુસલમાનો વચ્ચે એક ખૂનરેઝ જંગ થઈ. જેને ઈતિહાસમાં 'જંગે ઓહદ'ના નામે ઓળખવામાં આવે છે. જંગે ઓહદના બારામાં કુરઆને મજીદમાં આ આયત નાઝિલ થઈ **"જે લોકોએ બંને લશ્કરોના ટકરાવના દિવસે પીઠ ફેરવી લીધી..."**

*- સૂરએ આલે ઈમરાન, આયત નં.૧૫૫*

એક સાહેબ આ આયત બાબતે ખુદ બયાન કરે છે કે *"...જ્યારે ઓહદના દિવસે અમારી શિકસ્ત થઈ ગઈ, તો હું એટલું ભાગ્યો કે પહાડની ટોચ સુધી પહોંચી ગયો..."* *- અલ દુર્રે અલ મન્સુર, જિ.૨, પે.૮૮ / કન્ઝુલ ઉમ્માલ, હ.૪૨૯૧*

આ જંગે ઓહદમાં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના કાકા હઝરત હમ્ઝા ઈબ્ને અબ્દુલ મુત્તલીબની શહાદત પણ થઈ. હઝરત હમ્ઝા(અ.સ.) હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની નજરમાં વધારે બુલંદ અને નઝદિકતર હતા. રિવાયતમાં છે કે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ સૌથી પહેલો અલમ હઝરત હમ્ઝા(અ.સ.)ને આપ્યો અને તેમની બહાદુરી અને બુલંદ ઈમાનની સાથે ઈસ્લામી લશ્કરના સૌથી પહેલા અલમદાર બનાવ્યા. હઝરત હમ્ઝા(અ.સ.)એ ગઝવએ બવાત, અબવા અને બની કીનકામાં પણ અલમદારીની જવાબદારી પૂરી કરી. જંગે ઓહદમાં હઝરત હમ્ઝા(અ.સ.)ની શુજાઅત, બહાદુરી અને ઈસ્લામની સલામતી માટે જે કારનામા અંજામ આપ્યા તે ઈતિહાસમાં હંમેશા યાદ રાખવામાં આવશે.

હઝરત હમ્ઝા(અ.સ.)એ જંગે બદ્રમાં કુરૈશના મોટા મોટા સરદારોને વાસીલે જહન્નમ કરી નાખ્યા. જેનો બદલો લેવા માટે મકકાના મુશ્રિકોએ જંગે ઓહદમાં હઝરત હમ્ઝા (અ.સ.)ને સૌ પ્રથમ શહિદ કર્યા.

હઝરત હમ્ઝા(અ.સ.)ના હાથોથી જંગે બદ્રમાં કત્લ થવાવાળાઓમાં હિંદ બિન્તે અત્બાના નજીકના રિશ્તેદારો પણ શામેલ હતા. હિંદે પોતાના કત્લ થયેલા બાપ અને ભાઈનો બદલો લેવા માટે વહશી બિન હર્બને ઈનામ અને ઈકરામની લાલચ આપીને હઝરત હમ્ઝા(અ.સ.)ને કત્લ કરવા માટે તૈયાર કર્યો. હઝરત હમ્ઝા(અ.સ.) મકકાના

મુશ્રિકોને કત્લ કરી રહ્યા હતા, તે સમયે વહશીએ દૂરથી છુપાઈને પોતાના સુક્ષ્મ તીરને હઝરત હમ્ઝા(અ.સ.)ની તરફ ફેકયું. જે હઝરત હમ્ઝા(અ.સ.)ના પેટમાં વાગ્યું જેનાથી જનાબે હમ્ઝા(અ.સ.)ની શહાદત થઈ. જનાબે હમ્ઝા(અ.સ.)ની રૂહ નીકળવા પછી હિંદાએ જનાબે હમ્ઝા(અ.સ.)નું પેટ કાપીને તેમનું જીગર કાઢીને દાંતથી ચાવવા ચાહ્યું. પરંતુ ખુદાના હુકમથી તે પત્થરમાં બદલાઈ ગયું.

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને જયારે પોતાના કાકા હઝરત હમ્ઝા ઈબ્ને અબ્દુલ મુત્તલીબની શહાદતની ખબર મળી, તો અલ્લાહના રસૂલ(સ.અ.વ.)ને અતિશય ગમગીન થયા. આપ(સ.અ.વ.)એ મુસલમાનોને પોતાના કાકાની મૈયતમાં માતમ કરવાનો હુકમ આપ્યો અને આપ(સ.અ.વ.) પણ પોતાના કાકા માટે નૌહો પડયા.

જયારે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) મદીનામાં દાખલ થયા, ત્યારે બનુ અશહલ અને બનુ જફરના ઘરમાંથી રોવાનો અવાજ સાંભળ્યો. ત્યારે આપ(સ.અ.વ.)ની આંખોમાં આંસુ આવી ગયા અને આંસુ રૂકસારે મુબારક પર વહેવા લાગ્યા. આપ(સ.અ.વ.)એ ફરમાવ્યું "અફસોસ આજે કોઈ પણ નથી કે હઝરત હમ્ઝા (અ.સ.) ઉપર રોવે."

સઅદ ઈબ્ને મઆઝ અને ઉસેબ ઈબ્ને ખઝીરે આ સાંભળ્યું તો કહ્યું કે "અન્સારની કોઈપણ ઔરત પોતાની લાશો ઉપર રોવે નહીં જયાં સુધી જનાબે ફાતેમા(સ.અ.)ની સાથે હઝરત હમ્ઝા(અ.સ.)નું માતમ ન કરી લે." એટલા માટે તેમની ઔરતો જનાબે ફાતેમા(સ.અ.)ની પાસે આવીને હઝરત હમ્ઝા(અ.સ.)ને પુરસો આપવા લાગી અને રોવા લાગી.

આ હઝરત(સ.અ.વ.)એ જયારે તેઓનો અવાજ સાંભળ્યો તો કહ્યું કે "દરેક પોતપોતાના ઘરે પરત જાવ ખુદા તમારી ઉપર રહેમત નાઝિલ કરે. આ રિવાજ આજ સુધી મદીનામાં કાયમ છે કે જયારે પણ કોઈના રિશ્તેદાર ગુજરી જાય ત્યારે ઔરતો સૌથી પહેલા હઝરત હમ્ઝા(અ.સ.) ઉપર રોવે છે. આ બનાવથી આ વાત કહેવામાં આવે છે કે ગમે હુસૈન(અ.સ.)માં આંસુ વહાવવું બિદઅત નથી અને જે પણ તેના મુખાલિફ છે તેઓ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના હુકમની મુખાલિફ છે.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com